# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધો: ૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ગકવ/૧૪૨૦૦૯-૧૧૮૪-ક-૨, તા.૧/૪/૨૦૧૦ અન્વયે જાહેરનામા ક્રમાંક : આકૃયુ/રજી/સંકલન /૩૫૯૪-૩૬૦૨,તા.૨૩/૪/૨૦૧૦.

## પ રિ પ ત્ર

રાજ્ય સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ-૧ના ઠરાવથી રાજ્યની કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગના કર્મચારી/અધિકારીશ્રીઓના છઠ્ઠા પગાર પંચની ભલામણ અનુસાર તેમાં નિર્દિષ્ટ શરતો અને વિગતે પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે. તેમાં ક્રમ-૬માં (૧) સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ ગ્રેડને શરૂઆતમા પે-બેન્ડ રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ + એજીપી રૂા.૮૦૦૦ અને (૨) ત્રણ વર્ષની સેવા બાદ પે-બેન્ડ રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ + એજીપી રૂા.૯૦૦૦ આપવાની જોગવાઇ છે. સદર જોગવાઇ ધ્યાને લઇ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં નિમણૂંક પામેલ શિક્ષકોને ત્રણ વર્ષ બાદ પે-બેન્ડ રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ + એજીપી રૂા.૯૦૦૦/- આપવા અંગેના આદેશ જારી કરી પગાર મુકરર કરવામાં આવેલ છે. પરંતુ સાતમાં પગાર પંચ અન્વયે તા.૦૧/૦૧/૨૦૧૬નું સ્ટીકર મેળવવા માટે સદર પે બેન્ડમાં મુકકરર કરેલ પગારનું પે વેરીફીકેશન યુનિટ ધ્વારા પગાર ચકાસણી થયેલ ન હોઇ I.F.M.S. માં કેસ વાંધામાં પરત આવે છે.

આથી તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સાતમાં પગાર પંચના સ્ટીકર મેળવવા માટે પડતી મુશ્કેલીનું નિરાકરણ લાવવા તથા સદર કામગીરીમાં વેગ આવે તે હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીમાં સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં નિમણૂંક પામેલ શિક્ષકોને ત્રણ વર્ષ બાદ પે-બેન્ડ રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ + એજીપી રૂા.૯૦૦૦/- માં મુકરર કરેલ પગારની ચકાસણી, પ્રથમ ઓડીટ ઓફીસરશ્રી, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે અને ત્યારબાદ હિસાબી અધિકારીશ્રી, પગાર ચકાસણી એકમ, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં. ૧૭, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે કરાવવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં. આકૃયુ/રજી/એડીએમ-૧/ 3709-25 /૨૦૨૧ કુલસચિવ

તા.08/07/૨૦૨૧

નકલ સવિનય રવાના:

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ

૧. તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

૨. હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ.

નકલ રવાના:

૧. માન. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આ.કૃ.યુ., આણંદ.

૨. ઓડીટ ઓફીસરશ્રી, આ.કૃ.યુ., આણંદ.